# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૬૭ તા.૭-૯-૧૫**

(માન્ય શાળા પરિપત્ર નં.૨)

તમામ શાળાઓ માટે :-

**વિષયઃ- સી.આર.સી.કક્ષાના વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૫ ના આયોજન અંગે.**

આથી તમામ શાળઓને જણાવવાનું કે દર વર્ષની જેમ ચાલુ વર્ષે વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૫ યોજવામાં આવશે. વિજ્ઞાન, ગણિતમાં રચનાત્મકતા અને અવિષ્કારિકતાને પ્રોત્સાહિત કરવા માટે એન.એફ.સી. ૨૦૦૫ માં પ્રવૃતિઓ, પ્રયોગો અને તકનિકી મોડયુલને મહત્વ આપવામાં આવેલ છે. રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (એનસીઈઆરટી- ન્યુ દિલ્હી) દર વર્ષે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સામાન્ય બાળકોમાં વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણમાં શિક્ષણની લોકપ્રિયતા વધારવા JNNSMEE નું આયોજન કરેલ છે.

વિશ્વના સમાવેશી વિકાસ અને વિજ્ઞાન, ગણિતની ભુમિકામાં બધા જ પાસાઓનું પૃથ્થકરણ કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. વર્ષ ૨૦૧૫ માટે રાષ્ટ્રીય કક્ષાના વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શનના

**મુખ્ય વિષય :- સમાવેશી વિકાસ માટે વિજ્ઞાન અને ગણિત**

(૧) સ્વાસ્થ્ય, પોષણ અને સ્વચ્છતા

(૨) સ્ત્રોતોનું વ્યવસ્થાપન

(૩) ઉદ્યોગો

(૪) ખેતી અને ખાદ્ય સુરક્ષા

(૫) ગુણવત્તાયુક્ત જીવન માટે ગણિત/ આપત્તિ વ્યવસ્થાપન / અન્ય

દરેક શાળાએ પોતાની કૃતિ બનાવી સી.આર.સી. લેવલના પ્રદર્શનમાં ભાગીદારી નોંધાવાની રહેશે. આ માટે શાળાએ નક્કી કરેલી કૃતિઓનું એન્ટ્રી ફોર્મ સી.આર.સી કક્ષાએ તા.૧૦/૯/૨૦૧૫ સુધી જમા કરાવવાનું રહેશે. દરેક શાળા વિજ્ઞાન અને ગણિત પ્રદર્શનને નિહાળે તે અપેક્ષિત છે. ગુણોત્સવ-૬ ના મુલ્યાંકનમાં પ્રદર્શનના ગુણભાર આપેલા હોવાથી તમામ શાળાઓ આ પ્રદર્શનમાં ભાગીદાર થાય તે ખૂબ જ જરૂરી છે. ઈન્સ્પાયર એવોર્ડ મેળવનાર બાળકો અને નોંધણી થયેલ બાળકોએ ફરજીયાત ભાગ લેવાનો રહેશે. ખાનગી શાળાઓ પ્રદર્શનમાં ભાગ લે તેના માટે સી.આર.સી. એ ખાનગી શાળાઓને જાણ કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| પ્રદર્શનની તારીખ | :- | ૧૫/૯/૨૦૧૫ ઉત્તર અને પૂર્વ ઝોન |
| પ્રદર્શનની તારીખ | :- | ૧૬/૯/૨૦૧૫ દક્ષિણ અને પશ્ચિમ ઝોન |
| પ્રદર્શનનો સમય | :- | સવારે ૯:૦૦ થી બપોરે ૧:૦૦ કલાક |
| પ્રદર્શનનું સ્થળ | :- | સી.આર.સી. કક્ષાએથી મેળવવાનું રહેશે. |

તા. ૭ -૯-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં. ૬૮ તા.૭-૯-૧૫

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

**વિષયઃ- વિશ્વ સાક્ષરતા દિનની ઉજવણી બાબત.**

આથી તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે તા.૮મી સપ્ટેમ્બર **'વિશ્વ સાક્ષરતા દિન'** તરીકે ઉજવાય છે, તે આપ સૌ જાણો છો. ૨૧ મી સદી જ્ઞાનની સદી છે. દરેક વ્યક્તિના જીવનમાં સાક્ષરતા-શિક્ષણનું ખૂબ મહત્વ છે. વિદ્યાર્થીઓ જીવનમાં શિક્ષણનું મહત્વ સમજે તે માટે તા.૮-૯-૧૫ના રોજ પ્રાર્થના સંમેલનમાં વિશ્વ સાક્ષરતા દિનની ઉજવણી નિમિત્તે વિદ્યાર્થીઓ શાળામાં નિયમિત આવે સારી રીતે અભ્યાસ કરે, નિયમિત ગૃહકાર્ય કરે,બીજાને ભણવામાં મદદરૂપ બને તે અંગે પ્રેરક ચર્ચા ગોઠવવી. 'શિક્ષણનું જીવનમાં મહત્વ' વિષય પર વિદ્યાર્થીઓ પોતાના વિચારો વ્યક્ત કરી શકે તેવું આયોજન કરવું.

તા.૭-૯-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

નોંધઃ- સરદાર પટેલ સેવા સમાજ,અમદાવાદ દ્વારા યોજાનાર 'સ્પષ્ટ વક્તા સરદાર' વિષય પરની બીટ કક્ષાની સ્પર્ધા તા.૧૪-૯-૧૫ના રોજ અને શહેર કક્ષાની સ્પર્ધા તા.૧૭-૧૦-૧૫ના રોજ પરિપત્ર નં.૫૬ તા.૬-૮-૧૫માં દર્શાવેલ સ્થળે અને સમયે યોજાશે, તેની નોંધ લેશો.